# તસ્બીહે જુમાદીલ અવ્વલ

فَاسْتَغْفَرَ رَبَّهُ وَخَرَّ رَاكِعًا وَّأَنَابَ ۩

**ફસતગફરા રબ્બહુ વ ખરરા રાકેઅવ વ અનાબ.**

*માઅના :*

*તેને પોતાના પરવરદીગારની મઆફી માંગી*

*અને તે સજદામાં પડી જઈને (અલ્લાહની તરફ) કરગરવા લાગો.*

કુરઆને કરીમમાં હઝરત દાઉદ (અ.સ.) ની ઝીક્ર ઘણી જગા આવેલી છે. આ તસ્બીહ તે આયતે શરીફામાંથી છે જેમાં અલ્લાહતઆલા ઈરશાદ કરે છે કે, *"તમેં હમારા બંદા દાઉદને યાદ કરો જે દાઉદ કુવ્વતવાલા હતા, ઈબાદતના ઘણા પાબંદ હતા."* દાઉદ એ તરહથી રોઝા કરતા કે એક દિન રોઝું રાખે અને બીજે દિન છોડી દે, આ રોઝા સખત અને ભારી હોય છે. અને આ દૌરાન આપ એ કૈફીય્યતથી ઈબાદત કરતા કે રાતમાં ઉઠીને નિસ્ફીલ્લૈલની નમાઝ પઢતા અને રાતના તીસરા હિસ્સામાં આરામ કરતા અને છઠ્ઠા હિસ્સામાં નમાઝ વાસ્તે દોબારા ઉઠતા હતા. આ મુજબ આપ તલબે ખુશનુદીએ રબ વાસ્તે ઈબાદતમાં મશગૂલ રેહતા હતા. ***અલ્લાહતઆલાએ આપ (અ.સ.) ને મઝબૂત મુલ્ક, હુકમ અને હિકમત બખ્શી હતી, તમામ ઝબાનોની માઅરેફ્ત રાખનાર કીધા હતા. આપ આદિલ અને ઈન્સાફ પસંદ હતા અને આપના હકીમાના ફૈસલાઓ આલમમાં મશહુર થયા. આપની ઝબાનમાં એવી નરમી, ઈલ્હાન, ફસાહત અને વઝાહત હતી, અને તે એવી સાફ અને ચોખી હતી કે સાંભલનાર આપના કલામ આસાનીથી સમઝી જાય અને ઈમ ખ્વાહીશ રાખે કે આપ બોલતા જ રહો અને તે લુત્ફ ઉઠાવતો જ રહે.***

દાઉદ નબીને સાથે આપના મહેલના આસપાસ અલ્લાહતઆલાની બીજી મખ્લૂકાત પણ પોતાના રબની તસ્બીહ કરવામાં શરીક થાતી. આપને સાથે પહાડો સવાર-સાંજ તસ્બીહ કરતા અને આપની ઝબૂરની તિલાવત સાંભલી ઠેહરી જાનાર પરીંદાઓ પણ આપને સાથે દુઆમાં શામિલ થાતા. હરએક રાતે આપની મેહરાબની તીસ હઝાર સિપાહીઓ ચોકી ભરતા તાકે કોઈ પણ શખ્સ મેહરાબમાં આપને નઝદીક આવી શકે નહીં. આ તરહના સખત પેહરાના બાવજુદ બે શખ્સ મેહરાબની દીવાલ કુદીને આપના સામે આવીને ઉભા રહ્યા. તે બોલા કે, "અય દાઉદ ! ઘભરાવ નહીં, હમેં એકબીજા સાથે ઝઘડો કીધો છે, બગાવત કીધી છે. હમારે દરમ્યાન ફૈસલો કરો, હમને સીધી રાહ બતાવો." દાઉદ બોલા કે, "તમેં શું કામ ઝઘડો કીધો છે ?" તેમાંથી એક બોલો કે, "આ મારો ભાઈ છે, તેને પાસે ૯૯ ઘેંટીઓ છે અને મારા પાસે ફક્ત એક છે. તો મારી એક ઘેંટીને પણ તે લઈ લેવા માંગે છે, મારે પર ઘણું દબાણ કરે છે." દાઉદે ફૈસલો આપો કે, "તારી એક ઘેંટીને લઈ લેવામાં તેએ તારા પર ઝુલ્મ કીધો અને આ અમલ નેકી કરનાર મુમેનીન નથી કરતા. ઘણા ભાગીદારો આ તરહ એકબીજા પર બગાવત કરતા હોય છે, ઝુલ્મ કરતા હોય છે. તારી કિસ્મતમાં પણ આ ઝુલ્મ લખેલો છે." આ કલામ સાંભલી તે બે શખ્સ જે ફરીશ્તા હતા, આસ્માનની તરફ ચઢતા-ચઢતા ઈમ કહેતા હતા કે દાઉદે ખુદને ખિલાફ ફૈસલો આપો છે, અલ્લાહતઆલા આથી રાઝી નથી, નાખુશ છે.

આ સાંભલી દાઉદ નબી ચોંકી ગયા અને ખુદની ખતાથી ખબરદાર થયા અને સમઝા કે અલ્લાહતઆલાએ મારી આઝમાઈશ કીધી છે, મારો ઈમ્તેહાન લીધો છે. તો આપે અલ્લાહથી મઆફી ચાહી અને રૂકુઅ દઈને સરને સજદામાં ઝુકાવું અને તૌબા કીધી. અલ્લાહતઆલાની દાઉદ પર રેહમત થઈ અને ઈરશાદ થયો કે, ***"હમેં એને બખ્શી દીધા. એના વાસ્તે દુનિયા અને આખેરતમાં હમારે નઝદીક ઈઝ્ઝત (કુરબત) છે અને બેહતરીન મકામ (મઆદ) છે."***

આ તસ્બીહને વિર્દ કરવાથી, હર વક્ત પઢવાથી અલ્લાહતઆલા ઝબાનમાં તાસીર અને બલંદી બખ્શે છે. જીસ્મમાં તાકત અને કુવ્વત આપે છે.★